www.xtrapapers.com

OCR
Oxford Cambridge and RSA

# Wednesday 24 May 2017 – Morning

## AS GCE GUJARATI

**F883/01** Listening, Reading and Writing 1

Candidates answer on the Question Paper.

**OCR supplied materials:**
- Special Sheet (inserted)
- CD

**Other materials required:**
None

**Duration:** 2 hours 30 minutes

| Candidate forename | | Candidate surname | |
|---|---|---|---|

| Centre number | | | | | | Candidate number | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

## INSTRUCTIONS TO CANDIDATES

- The Special Sheet will be found inside this document.
- Write your name, centre number and candidate number in the boxes above. Please write clearly and in capital letters.
- Use black ink.
- Answer **all** the questions.
- Read each question carefully. Make sure you know what you have to do before starting your answer.
- Write your answer to each question in the space provided. If additional space is required, you should use the lined page(s) at the end of this booklet. The question number(s) must be clearly shown.
- Do **not** write in the barcodes.

## INFORMATION FOR CANDIDATES

- The number of marks is given in brackets **[ ]** at the end of each question or part question.
- The total number of marks for this paper is **160**.
- There are two sections in this paper.
  **SECTION A: 60 Marks Listening and Writing**
  **SECTION B: 100 Marks Reading and Writing**
- Dictionaries are **not** allowed.
- This document consists of **20** pages. Any blank pages are indicated.

© OCR 2017 [H/500/8403]
DC (ST) 133821/2

OCR is an exempt Charity

www.xtrapapers.com



## SECTION A – Listening and Writing

*Recommended time for Section A: 1 hour*

**સવાલ ૧: શ્રવણ** **[૧૨ ગુણ]**

**કેશવ અને સોનલ**

**સાંભળો અને સવાલોના જવાબ આપો.**
**નીચે આપેલા વાક્યોના નંબર જે ખાના માટે સાચા હોય તેમાં લખો.**

**અ) કોને કોને શું ગમે છે ?**

| કેશવ | | સોનલ | |
|---|---|---|---|
| | | | |

૧ ચલચિત્રોના કલાકાર બનવું

૨ પર્વતો ચડવાનું

૩ માટીકામ કરવું

૪ ટપાલ ટિકિટો ભેગી કરવી

૫ સંગીત

૬ ચર્ચા કરવી

**[૪]**

**બ) સાચા જવાબ આગળ ખાનામાં ચિહ્ન (✓) કરો.**

**ક)** કેશવ વધારે સમય ...

૧ ... ઘરકામ કરે છે. ☐

૨ ... સંશોધન કરે છે. ☐

૩ ... મુસાફરી કરે છે. ☐

© OCR 2017

www.xtrapapers.com



**ખ)** કેશવના મિત્રો ...

૧ ... તેના જેવો જ રસ ધરાવે છે. ☐

૨ ... માને છે કે કેશવનો શોખ ખર્ચાળ છે. ☐

૩ ... તેના શોખને નાપસંદ કરે છે. ☐

**ગ)** સોનલને ...

૧ ... વ્યસ્ત રહેવું ગમે છે. ☐

૨ ... સશક્ત રહેવું ગમે છે. ☐

૩ ... લોકપ્રિય બનવું ગમે છે. ☐

**ઘ)** તે માટે સોનલ ...

૧ ... નવી ભાષા શીખે છે. ☐

૨ ... તેનું કૌશલ્ય વિકસાવે છે. ☐

૩ ... નાટકો જોવા જાય છે. ☐

**ચ)** સોનલ ...

૧ ... દરરોજ ગિટાર વગાડે છે. ☐

૨ ... નિશાળમાં ગિટાર વગાડે છે. ☐

૩ ... નવરાશની પળોમાં ગિટાર વગાડે છે. ☐

© OCR 2017

www.xtrapapers.com



છ) માતા- પિતા ઈચ્છે છે કે કેશવ અને સોનલ ...

૧ ... હરિફાઈ જીતે. ☐

૨ ... સારું શિક્ષણ મેળવે. ☐

૩ ... સારા નાગરિક બને. ☐

જ) એટલે કેશવ અને સોનલ ભવિષ્યમાં ...

૧ ... સારું મકાન ખરીદે. ☐

૨ ... વધારાના વર્ગોમાં જાય. ☐

૩ ... કામમાં પ્રગતિ કરે. ☐

ઝ) એકંદરે માતા-પિતાના મતે કેશવ અને સોનલ ...

૧ ... યોગ્ય વિચારસરણી અપનાવે. ☐

૨ ... વધારે કલાત્મક બને. ☐

૩ ... ચિંતા વગરનું જીવન વિતાવે. ☐

[૮]

© OCR 2017

www.xtrapapers.com



સવાલ ૨: શ્રવણ [૧૩ ગુણ ]

અવાજો

ટેલિવિઝન પર એક દસ્તાવેજી ફિલ્મનો અહેવાલ સાંભળો અને ખાનામાં આપેલા શબ્દોમાંથી સાચો શબ્દ ફકરામાં લખીને ખાલી જગ્યા પૂરો.

ચેતવણી: ખાલી જગ્યાઓ કરતાં વધારે શબ્દો આપેલા છે. દરેક શબ્દ ફક્ત એક જ વખત વાપરો.

| | | | | |
|---|---|---|---|---|
| અણગમતા | ખુશી | ઘરડાં | ઘોંઘાટીયું | જીવન |
| જોવાની | તહેવારોમાં | પસંદ | પક્ષીઓ | પ્રાણીઓ |
| પ્રાર્થનાના | ફટાકડાઓના | ફેરિયાની | બજારનો | બાળપણ |
| બોંબના | ભય | ભૂખ | મધુર | મજૂરોની |
| યુવાન | રમકડાં | રંગની | રસ્તાનો | લગ્નોમાં |
| વાજિંત્રના | સાંભળવાની | સ્વીકાર્ય | સ્ત્રીઓ | હસવાનું |

આપણું .................... (૧) વિવિધ અવાજોથી ઘેરાયેલું રહે છે. કેટલાક સ્વરો આપણને ખાસ .................... (૨) હોય છે જેમકે માતાનું હાલરડું, .................... (૩), પંખીઓનું મધુર ગાયન કે .................... (૪) સ્વરો જે આપણને ગમે . વાહનોનો અવાજ , .................... (૫) નો ઘોંઘાટ તથા .................... (૬) ની બૂમો તો રોજ સાંભળવા મળે .................... (૭) માં લાઉડ સ્પિકરો પર મોટા અવાજે અપાતી સૂચનાઓ , અત્યંત .................... (૮) સંગીત, .............. (૯) ના ભયંકર અવાજોને કારણે .................... (૧૦) તેમજ બિમાર વ્યક્તિઓની નીંદર બગડે , નાના બાળકોને .................... (૧૧) લાગે. પાળેલા .................... (૧૨) ભાગવા માંડે. ઘણી વખત વ્યક્તિની .................... (૧૩) ની શક્તિ પર અસર થાય.

© OCR 2017

www.xtrapapers.com



**Task 3: Listening**

**Jayesh's selfie**

**Listen to the conversation between Sachin and his elder brother about Jayesh and answer the following questions IN ENGLISH.** **[15 marks]**

**(a)** Why did Jayesh stop near a tree on his way home from school?

............................................................................................................................. **[1]**

**(b)** How did Jayesh's actions affect his own education? Give two details.

**(i)** ............................................................................................................................. **[1]**

**(ii)** ............................................................................................................................. **[1]**

**(c)** Why did the maths teacher get angry with Jayesh?

............................................................................................................................. **[1]**

**(d)** According to Jayesh, what is the latest trend among youngsters?

**(i)** ............................................................................................................................. **[1]**

**(ii)** ............................................................................................................................. **[1]**

**(e)** How does Jayesh feel he benefits from this new craze? Give **four** details.

**(i)** ............................................................................................................................. **[1]**

**(ii)** ............................................................................................................................. **[1]**

**(iii)** ............................................................................................................................. **[1]**

**(iv)** ............................................................................................................................. **[1]**

**(f)** How did the young man in Jayesh's neighbourhood fall from the roof of his house?

............................................................................................................................. **[1]**

**(g)** Why was he on the roof?

............................................................................................................................. **[1]**

© OCR 2017

www.xtrapapers.com



**(h)** What were the consequences of his fall?

..........................................................................................................................................

Where is he now?

.................................................................................................................................... **[2]**

**(i)** Why did Jayesh become emotional?

.................................................................................................................................... **[1]**

© OCR 2017

www.xtrapapers.com



**Task 4: Writing**

**Your cousin wants to send an email to a dance school in Ahmedabad. She has written the email in English and has asked you to put it into Gujarati. You do not have to translate word for word but you should include all the information.**

**[10 marks for Communication + 10 marks for Quality of Language]**

- I want to join your dance school.
- I want to learn traditional folk dances.
- What is the procedure to join your organisation?
- How long are the courses? What is the cost?
- Does that include accommodation?
- Can you please send me some information about the facilities available there before I book my flight ticket next month?

© OCR 2017

www.xtrapapers.com



માનનીય ......................................................

.......................................................................................................................................................................

.......................................................................................................................................................................

.......................................................................................................................................................................

.......................................................................................................................................................................

.......................................................................................................................................................................

.......................................................................................................................................................................

.......................................................................................................................................................................

.......................................................................................................................................................................

.......................................................................................................................................................................

.......................................................................................................................................................................

.......................................................................................................................................................................

.......................................................................................................................................................................

.......................................................................................................................................................................

.......................................................................................................................................................................

.......................................................................................................................................................................

.......................................................................................................................................................................

.......................................................................................................................................................................

.......................................................................................................................................................................

ના વંદન

© OCR 2017

www.xtrapapers.com



## SECTION B – Reading and Writing

*Recommended time for Section B: 1 hour 30 minutes*

**સવાલ ૫: વાંચન**

**નીચે આપેલો વાર્તાલાપ વાંચી સવાલોના જવાબ લખો.**

**તમારું કામ સહેલું કરવા માટે નીચેના વાર્તાલાપની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.**

**વ્યસન**

રાઘવ: આજે અમારી શાળામાં બે પોલિસ ઓફિસરો, એક સ્કૂલ નર્સ, એક યુથ વર્કર અને વિશ્વ વિદ્યાલયોમાં ભણતા કેટલાક વિધ્યાર્થીઓ આવ્યા હતા અને વિવિધ પ્રકારના વ્યસનો વિશે અમારી સાથે વાત કરી હતી જેવા કે નશીલા પદાર્થો, નશીલા પીણા, ધૂમ્રપાન વગેરે. તેમણે અમને સમજાવ્યું હતું કે આવી ખરાબ લતોથી આપણને બહુ હાનિ થાય છે. આવી લતો છોડવા માટે કેવી રીતે અને ક્યાંથી મદદ મેળવી શકાય એ પણ જણાવ્યું હતું. શિક્ષકોએ પણ આવા યુવાનો સાથે વાતચીત કરી મદદ લેવી જોઈએ.

સંજય: ઘણી વખત ખરાબ મિત્રોની સોબતના કારણે યુવાનો વ્યસનો તરફ વળે, તો વળી કેટલીક વખત ઘરની પરિસ્થિતિ, બેરોજગારી, ગરીબી કે અત્યાચારને ભૂલવા આવા પદાર્થોનું સેવન કરે. અમુક યુવાનો તો માત્ર આનંદ મેળવવા માટે જ આવા વ્યસનોને અપનાવે તો વળી કેટલાક પોતાની કુતૂહલવૃત્તિ સંતોષવા આવી લતે ચડી જાય.

પૂજા: આવા વ્યસનોથી આપણું આરોગ્ય બગડે, માનસિક બીમારીઓ થાય, શિક્ષણ બગડે. યુવાનો જીવનભર આવી લતોના ગુલામ બની જાય અને તે ખરાબ આદતોને પૂરી કરવા માટે ગુનાખોરીનો માર્ગ પણ અપનાવે છે તેથી સમાજમાં તેમના પરિવારોને ભોગવવું પડે છે.

કેવિન: કુટુંબીજનો હેરાન થાય એ વાત સાચી. આ મામલે દરેકે સાવધાન રહેવું જોઈએ. જો દેશના યુવાનો જ નબળા હોય તો સમાજ કેવી રીતે પ્રગતિ કરી શકે?

મુનીરા: તારી વાત સાવ સાચી છે. સરકારે તો નશીલા પદાર્થોના વેચાણ પર ઘણા પ્રતિબંધો લગાવ્યા છે. તેનું ગેરકાયદેસર વેચાણ કરતા લોકોને કડક સજા આપવામાં આવે છે પણ મને લાગે છે કે દુનિયાભરની સરકારોએ વધારે કડક કાયદાઓ બનાવવા જોઈએ. માતા-પિતાએ પણ બાળકોને આ બાબતો વિશે સમજાવવું જોઈએ અને તેમને સાવધાન કરવા જોઈએ જેથી તેઓ આવા જોખમોને ઓળખી શકે અને પોતાની જાતને સુરક્ષિત રાખી શકે.

© OCR 2017

www.xtrapapers.com



સવાલ ૫ (અ)

દરેક વાક્ય કોને લાગુ પડે છે?

દાખલા સિવાયના ફક્ત દસ યોગ્ય ખાનામાં ચિહ્ન ( ✓ ) મૂકો. જો દસથી વધારે ચિહ્ન ( ✓ ) મૂકશો તો તમે ગુણ ગુમાવશો.

[૧૦ ગુણ]

| સવાલ | | રાઘવ | સંજય | પૂજા | કેવિન | મુનીરા |
|---|---|---|---|---|---|---|
| દાખલો | વ્યસનોના ઘણા પ્રકારો છે. | ✓ | | | | |
| ક | ખરાબ લતોથી આપણને બહુ નુકસાન થાય છે. | | | | | |
| ખ | માતા-પિતાએ તથા શિક્ષકોએ બાળકો સાથે વ્યસનો વિશે વાત કરવી જોઈએ. | | | | | |
| ગ | ઘણી વખત ખોટી સંગતને લીધે યુવાનો ખરાબ લતે ચડે છે. | | | | | |
| ઘ | વ્યસનો છોડવામાં લાંબો સમય લાગી શકે છે. | | | | | |
| ચ | યુવાનો પોતાના વ્યસનને પોષવા કાયદાઓનો ભંગ કરે છે. | | | | | |
| છ | યુવાનોના કાર્યોથી તેમના પરિવારોજનોને પણ સહન કરવું પડે છે. | | | | | |
| જ | કેટલાંક લોકો માત્ર નવો અનુભવ લેવા માટે પણ નશીલા દ્રવ્યોનું સેવન કરે. | | | | | |

© OCR 2017

www.xtrapapers.com



સવાલ ૫ (બ)

નીચે આપેલા લેખનમાં ખાનામાં આપેલા શબ્દોમાંથી ઉપરના વાર્તાલાપ પ્રમાણે યોગ્ય શબ્દ શોધી ખાલી જગ્યા પૂરો.

[૧૦ ગુણ]

| | | | | |
|---|---|---|---|---|
| અભ્યાસ | અવગણના | કાનૂની | ગેરકાનૂની | ગેરફાયદા |
| ગેરસમજ | ગુનાઓ | ગુલામ | છૂટ | જાગૃતિ |
| દંડ | દુશ્મની | ધન | પ્રચાર | મઝા |
| માતા-પિતા | મનાઈ | માલિક | મિત્રતા | સામાજીક મોભો |

યુવાન લોકોમાં વિવિધ પ્રકારના વ્યસનો વિશે **(ક)** .................... ફેલાવવા માટે ઘણા લોકો બહુ મહેનત કરે છે જેમકે પોલિસ ઓફિસરો , સ્કૂલ નર્સ , યુથ વર્કર વગેરે. તેઓ આવી ખરાબ લતોથી થતા **(ખ)** ...................... વિશે યુવાનો સાથે વાત કરે. અલગ અલગ કારણોસર યુવાનો વ્યસનો તરફ વળે જેમાંનું એક કારણ છે અયોગ્ય લોકોની **(ગ)** ................... અમુક યુવાનો તો માત્ર **(ઘ)** .................... મેળવવા માટે આવા વ્યસનોને અપનાવે. આવા વ્યસનોથી શારીરિક તેમ જ માનસિક આરોગ્ય પણ જોખમાય. તેમના **(ચ)** ......................પર અસર પડે. યુવાનો જીવનભર આવી લતોના **(છ)** .......................બની જાય. પોતાની આદતોને પૂરી કરવા માટે તેઓ **(જ)** ......................... તરફ પણ વળે તેથી સમાજમાં તેમના પરિવારોને અસર થાય. નશીલા પદાર્થોના વેચાણ પર **(ઝ)**......................... છે. તેને **(ટ)** ......................... રીતે વેચતા લોકોને સરકાર **(ઠ)** .................................... કરે છે.

© OCR 2017

www.xtrapapers.com



**સવાલ ૬: વાંચન**

નીચે આપેલો લેખ વાંચી સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. સવાલોના જવાબ લેખમાંના લાંબાં કે આખાં વાક્યોની નકલ કર્યા વિના, બને ત્યાં સુધી તમારા પોતાના જ શબ્દોમાં, લખો.

**[૨૦ ગુણ માહિતી માટે + ૧૦ ગુણ ભાષાની ગુણવત્તા માટે]**

**તમારું કામ સહેલું કરવા માટે નીચેના લેખની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.**

**જીગરના સ્વપ્નો**

જીગર નાનો હતો ત્યારે માતાની પાછળ પાછળ રસોડામાં જતો અને માતા જે રસોઈ બનાવતી તે ધ્યાનપૂર્વક જોતો. માતાને વાસણો ધોવામાં પણ મદદ કરતો. જ્યારે માતા આજુબાજુમાં ન હોય ત્યારે જાણે રસોઈ બનાવતો હોય તેમ નાના તપેલાઓ અને ચમચાઓ લઈ રમતો. જીગરની આવી રૂચી જોઈને તેના પિતાજી તેના માટે લાકડાનાં રમકડાંનાં નાનકડાં તપેલાં, વેલણ, કપ–રકાબી વગેરે લાવ્યા હતા. જીગર તો રાજી રાજી થઈ ગયો હતો પણ તેના દાદીએ મોઢું બગાડ્યું હતું. તેઓ કહેતા રસોઈ તો માત્ર સ્ત્રીઓનું જ કામ હોય–પુરુષોનું નહીં.

જીગરના પિતા આ વાત સાથે જરાપણ સહમત ન થતા. તેમને હંમેશા લાગતું કે રસોઈ કરવી એ બહુજ અગત્યની જીવન કળા છે અને તે ફાયદાકારક બની શકે છે. આપણને ભાવે તેવું ભોજન બનાવીને ખાઈ શકાય, રસોઈ માટે વપરાતા વાસણો સ્વચ્છ હોય તેની ખાતરી હોય, અને ભોજનને લાંબો સમય સુધી ટકાવી રાખવા માટે વપરાતા કોઈ પદાર્થો જાતે બનાવેલા ભોજનમાં ન હોય. જો સારું અને પૌષ્ટિક ખાવાનું જાતે બનાવતા આવડતું હોય તો કોઈ અન્ય લોકો પર આધાર ન રાખવો પડે. તેનાથી નાણાંનો પણ બચાવ થાય.

તેઓ જીગરને પોતાનો દાખલો આપતા કે પોતે જ્યારે બીજા શહેરના વિશ્વવિદ્યાલયમાં ભણવા ગયા હતા ત્યારે તેમને ઘરનું ભોજન બહુ યાદ આવતું. વિશ્વવિદ્યાલયની ભોજનશાળામાં એકદમ બાફેલું અને સ્વાદહીન ખાવાનું મળતું. ઉપરાંત તે ખાવાનું મોંઘુ પણ હતું. જો ક્યારેક વર્ગમાં વધારે કામ આવી પડે અને સમયસર ન પહોંચી શકાય તો ભોજનશાળા બંધ થઈ જાય. તે સમયે માત્ર બટેટાંની કાચરી તથા ફળના રસથી પેટ ભરવું પડતું, તો કેટલીક વાર ભૂખ્યા સૂવું પડતું. આથી તેઓ હમેશાં જીગરને રસોઈ બનાવતા શીખવાનું કહેતા.

આખરે જીગરે મોટા થઈને રસોઈયા બનવાનો નિર્ણય કર્યો. તેને પોતાનું ભોજનાલય શરૂ કરવું હતું અને પોતાની વાનગીઓનું એક પુસ્તક પ્રકાશિત કરવું હતું. તે હમેશાં રસોડામાં નવી નવી વાનગીઓ બનાવ્યા કરતો. અઢાર વર્ષની વયે જીગર પોતાના સ્વપ્નને પૂરું કરવા રાંધણકળા શીખવતા વિદ્યાલયમાં જોડાયો. ત્યારબાદ અનેક વાનગી સ્પર્ધાઓમાં વિજેતા બન્યો. તેણે શરૂ કરેલું ભોજનાલય બહુ પ્રખ્યાત બન્યું અને તેની વાનગીઓના પુસ્તકની હજારો નકલો વેચાઈ હતી. પોતાની આ સફળતા માટે જીગર પોતાના પિતાજીનો હમેશાં આભાર માનતો કારણકે તેમણે હિંમતપૂર્વક પરંપરા વિરૂધ્ધ જઈ જીગરને આ ક્ષેત્રમાં આગળ વધવામાં મદદ કરી હતી.

© OCR 2017

www.xtrapapers.com



(ક) જીગરને નાનપણથી જ રસોઈમાં રસ હતો એ બતાવતી કોઈપણ **બે** વિગતો આપો.

(i) ............................................................................................................................ [૧]

(ii) ............................................................................................................................ [૧]

(ખ) આ જોઈને જીગરના પિતાજીએ શું શું કર્યું?

(i) ............................................................................................................................ [૧]

(ii) ............................................................................................................................ [૧]

(ગ) દાદી શું વિચારતા હતા?

............................................................................................................................ [૧]

(ઘ) જીગરના પિતાજી શા માટે માનતા કે રસોઈ બનાવતા શીખવું ફાયદાકારક ગણી શકાય. **ચાર** વિગતો આપો.

(i) ............................................................................................................................ [૧]

(ii) ............................................................................................................................ [૧]

(iii) ............................................................................................................................ [૧]

(iv) ............................................................................................................................ [૧]

(ચ) જીગરના પિતાજીના વિશ્વવિદ્યાલયના અનુભવો દર્શાવતી **ત્રણ** વિગતો આપો.

(i) ............................................................................................................................ [૧]

(ii) ............................................................................................................................ [૧]

(iii) ............................................................................................................................ [૧]

(છ) જીગરના ક્યા સ્વપ્નો હતાં ? **ત્રણ** વિગતો જણાવો.

(i) ............................................................................................................................ [૧]

(ii) ............................................................................................................................ [૧]

(iii) ............................................................................................................................ [૧]

© OCR 2017

www.xtrapapers.com



(જ) પોતાનાં સ્વપ્નો પૂરા કરવા જીગરે શું કર્યું ?

........................................................................................................................ [૧]

(ઝ) જીગરની મહેનતનું સારું પરિણામ આવ્યું એમ કઈ રીતે સાબિત થઈ શકે ? **ત્રણ** વિગતો આપો.

(i) ........................................................................................................................ [૧]

(ii) ........................................................................................................................ [૧]

(iii)........................................................................................................................ [૧]

(ટ) જીગરના પિતાજી સમાનતામાં માનતા હતા એ કઈ રીતે કહી શકાય?

........................................................................................................................ [૧]

© OCR 2017

www.xtrapapers.com



**નીચેનો લેખ વાંચો અને બન્ને સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. તમારે લેખમાંના આખા વાક્યોની નકલ કર્યા વિના જવાબ પોતાના શબ્દોમાં લખવા જોઈએ.**

[લેખ વિશેની સમજણ: ૧૦ ગુણ]
[લેખ પ્રમાણેનો જવાબ :૨૦ ગુણ]
[ભાષાની ગુણવત્તા :૨૦ ગુણ]
[કુલ: ૫૦ ગુણ]

**તંદુરસ્તી**

૧. મોહન માને છે કે વ્યક્તિએ પોતાની તંદુરસ્તી જાળવવા માટે સમતોલ આહાર લેવો જોઈએ. આપણે ખાતી વખતે આપણી ઉંમર, કામ અને વજનને ધ્યાનમાં રાખવા જોઈએ. આથી તે હમેશાં પોતે કેટલું ખાય છે તેના પર નજર રાખે છે. વધારે પડતા ખાંડ, તેલ કે ઘીવાળા ખોરાકથી દૂર રહે છે. ખરીદી કરતાં પહેલાં તે ખાધ્ય પદાર્થોના પડીકાંઓ ઉપર લખેલી માહિતી પણ બરાબર વાંચે છે. તે દરરોજ ત્રીસ મિનિટ સુધી યોગ અને અન્ય શારીરિક કસરતો કરે છે. તેમજ અઠવાડિયામાં ચાર વખત તરવા જાય છે અને હમેશાં પ્રવૃત્તિમય રહે છે. આથી તેની તંદુરસ્તી સારી રહે છે. તેમજ તે ખુશ રહે છે તેથી તેની કાર્યશક્તિ વધી છે.

૨. બીજી તરફ ગોપાલને લગ્ન પ્રસંગો કે તહેવારો દરમ્યાન મીઠાઈઓ અને ફરસાણની મઝા માણવાનું તથા કલાકો સુધી કમ્પ્યુટર પર રમતો રમવાનું બહુ ગમે છે. આથી તે સ્થૂળ બની ગયો છે . નિશાળમાં તેની સતામણી થાય છે. કોઈ મિત્રો નથી. આથી શરીરની ચરબી ઉતારવા તે ક્યારેક ઘણા દિવસોના ઉપવાસ શરૂ કરી દે છે અથવા વજન ઉતારવા માટેનું ખાસ ભોજન અથવા ગોળીઓ ખાય છે જેની ખરીદી તે ઈન્ટરનેટ પરથી કરે છે પણ નિષ્ણાંતોની સલાહ અને મદદ નથી લેતો.

**સવાલ ૭.**

**અ. તમારે તમારો જવાબ ઉપરના લેખને આધારે લખવો જોઈએ. લગભગ ૧૦૦ શબ્દોમાં લખો.**

તંદુરસ્તી જાળવવા માટે શું કરવું જોઈએ તે વિશેની વિગતો તમારા પોતાના શબ્દોમાં લખો.

**બ. હવે લગભગ ૨૦૦ શબ્દોમાં તમારા પોતાના અભિપ્રાયો આપો.**

"આરોગ્યનો સંબંધ મુખ્યત્વે આહાર તથા કસરત સાથે છે." તમે સહમત થાઓ છો? તમારા કારણો આપો.

© OCR 2017

www.xtrapapers.com



**સવાલ ૭.**

**અ. તમારે તમારો જવાબ ઉપરના લેખને આધારે લખવો જોઈએ. લગભગ ૧૦૦ શબ્દોમાં લખો.**

તંદુરસ્તી જાળવવા માટે શું કરવું જોઈએ તે વિશેની વિગતો તમારા પોતાના શબ્દોમાં લખો.

© OCR 2017

www.xtrapapers.com



સવાલ ૭

બ. હવે લગભગ ૨૦૦ શબ્દોમાં તમારા પોતાના અભિપ્રાયો આપો.

"આરોગ્યનો સંબંધ આહાર તથા કસરત સાથે છે." તમે સહમત થાઓ છો? તમારા કારણો આપો.

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

**END OF QUESTION PAPER**

© OCR 2017

www.xtrapapers.com



BLANK PAGE

PLEASE DO NOT WRITE ON THIS PAGE

© OCR 2017

